# જો ચાયવાળા આવા હોય તો ચાની ચૂસકી લેવાની પડી જાય મજા

CITY સ્કેચ

**સુરતીઓ ચાય લવર્સ છે. તેમની સવાર ચાયની પ્યાલી અને અખબારથી થતી હોય છે. શહેરમાં ચાયની ટપરી પર ચાય શોખીનોનો સવાર, સાંજ અને રાત જણાવડો તો થતો જ હોય છે. યંગસ્ટર્સ કાફેમાં ગોસીપની મજા ચાયની ચૂસકી લેવાની સાથે લેતાં જોવા મળે છે. તે વચ્ચે હવે સુરતમાં કેટલીક જગ્યાઓ પર એક હાથમાં ચાયની કિટલી અને બીજા હાથમાં ચાયનો કપ લઈને ઉભેલા સુંદર મજાના સ્ટેચ્યુ ઉભેલા દેખાય છે. આ પૂતળા સુરતીઓને ચાય પીવા માટે આકર્ષે તો છે જ ઉપરાંત લોકો તેમની સાથે સેલ્ફી પણ લે છે. ચાલો આ ટ્રેન્ડ વિશે અને દરેક પૂતળાની વિશેષતાઓ અને તેઓ કેવા અંદાજમાં લોકોને ચાય પીવા માટે એટ્રેક્ટ કરે છે તે આપણે જાણીએ...**

### ચોટીવાળા પંડિતજી લોકોના ફેસ પર લાવે છે સ્માઈલ



અઠવાગેટ વિસ્તારમાં ચાયના એક આઉટલેટ પર ચોટીવાળા ગોળમટોળ સ્માઇલી ફેસના પંડિતજીનું પૂતળું છે. તેમના એક હાથમાં પિત્તળની કિટલી છે જ્યારે બીજા હાથમાં ચાયથી ભરેલો કપ છે. આ આઉટલેટના સંચાલક કેવિનભાઈએ જણાવ્યું કે, આ સ્ટેચ્યુ પર દૂરથી પણ કોઈની નજર પડે તો તરત ખ્યાલ આવી જાય છે કે અહીં ટી-સ્ટોલ છે. કાંઈક નવું લાગતું હોવાથી ગ્રાહકને ચાય પીવાની તલબ જાગી જાય છે. અહીં ચાયની ચૂસકી લેવાની સાથે આ પડીતજી સાથે લોકો સેલ્ફી પણ લે છે.

### ચાયની કિટલીઓનું આકર્ષક ડેકોરેશન અને ચાયવાળાનું પૂતળું





સુરત સિટીમાં ચાયના એક આઉટલેટ પર ચાયની કિટલીઓ આકર્ષક રીતે ડેકોરેટ કરાઈ છે અને આઉટલેટની બહાર માથે ફુમતાવાળા સાફામાં સજ્જ દેખાય સ્ટેચ્યુ મુકાયું છે. મોટી મોટી વળાંકદાર મૂંછોવાળા આ પૂતળાના એક હાથમાં ચાનો કપ તો બીજા હાથમાં ચાયની કિટલી છે. આ ઉપરાંત અડાજણ વિસ્તારમાં પણ ચાયના એક આઉટલેટ પર વરાળ નીકળતી ચાયનો કપ હાથમાં પકડીને ઉભા ચાયવાળાનું પૂતળું પણ લોકોમાં ધ્યાનાકર્ષક બન્યું છે. આ પુતળાના ખભા પર ખેસ પણ દેખાય છે.

### માથે પગડી અને ભરાવદાર મૂછોવાળું પૂતળાનું અટ્રેક્શન



નાનપુરા વિસ્તારમાં ચાયના એક આઉટલેટ પર માથે પગડી અને મોટી મોટી ભરાવદાર અને રૂઆબદાર મૂછોમાં શોભતા અને હાથમાં ચાયની કિટલી સાથેના ચાયવાળાનું પૂતળું ત્યાંથી પસાર થતા રાહદારીઓનું અચૂક ધ્યાન ખેંચે છે. આ આઉટલેટના સંચાલક સુમિતભાઈએ જણાવ્યું કે, માથે કેસરિયા સાફો કે પગડી, શરીરના ઉપરી ભાગ પર અંગરખો કે કુર્તો અને નીચે સફેદ ધોતી આ લુકના ચાયવાળાનું સ્ટેચ્યુ લોકોને ઘણું આકર્ષિત કરે છે. લોકો આ પૂતળા સાથે સેલ્ફી પણ લે છે. તે ગ્રાહકોને ચાય માટે આકર્ષિત કરવાની સાથે ચાયની પારંપરિક ભાવના પણ દર્શાવે છે.

---

મેરી સુરત ટેઢી આંખે

**ગજેન્દ્ર મજીઠિયા**

## છે ગરમી ભારે, તડકાથી બચાવે છત્રી, ગલુડિયા માટે તો લારી જ છાંયડાની ખાત્રી...

**‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમૂજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**




**આકાશમાંથી વરસે છે અગનગોળા અને ખાવા પડે છે બરફના ગોળા... બાળકો મેળવે રાહત કેન્ડીથી અને છત્રી બચાવે સૌને ગરમીથી... ગલુડિયા માટે તો છે લારીની નીચેનો જ આશરો, શાકભાજીવાળાને તડકો કાઢી રહ્યો છે પસીનો... યુગલો ગરમીના બહાને છત્રીમાં ઘૂસી કરે પ્રેમાલાપ, ક્યારે વરસશે વરસાદ, તેના જ રાગનો છે આલાપ... લૂ કરાવી રહી છે સૌને હુલુલુલુ અને પરસેવાથી બચવા શરીર રાખવું પડે ખુલ્લું... ગરમીથી બચવા ખાવો પડે પાણીવાળો ખોરાક, ગરમીમાં પણ શાકભાજીવાળા શોધી રહ્યો છે ઘરાક...**

---

# હિંમત અને મહેનતથી મૂક-બધીરોએ બનાવ્યું શાનદાર જીવન

Succcess મંત્ર

**તમે ક્યારેક કોઈ દુકાન પર ગયા હોવ અને ત્યાં એવી વ્યક્તિ ગ્રાહક તરીકે આવી હોય જે હાથોના ઈશારાની ભાષામાં દુકાનદારને પોતે શું ખરીદવા માંગે છે તે કહેતી હોય, ત્યારે આપણા મનમાં સહજ ભાવે એક સવાલ ઉભો થતો હોય છે કે, આ વ્યક્તિની ફેમિલી હશે ખરી, તેના બાળકોનો ઉછેર તે કેવી રીતે કરતી હશે, શું તેઓને પણ ફિલ્મ જોવાનો, ફરવાનો શોખ હશે ખરા? તેઓ મુવીના ડાયલોગને કઈ રીતે સમજતા હશે, તેઓ ક્રિકેટ કે અન્ય ગેમ રમવાના શોખીન હોય છે ખરા? તો ચાલો આજે અમે તમને એવા મુક બધીર કપલનો પરિચય કરાવીએ જેઓ અલગ અલગ ફિલ્ડમાં સારું કાર્ય કરી રહ્યા છે, તેઓ પોતે તો સારા સ્પોર્ટ્સ મેન છે સાથે તેમના બાળકોને પણ સ્પોર્ટ્સમાં ચેમ્પિયન બનાવવાની કોશિશ કરી રહ્યા છે. તેમની લાઈફને પણ આપણે આ લેખના માધ્યમથી સમજવાની કોશિશ કરીએ...**




### ફાધર અને સન ક્રિકેટ રમે, 250 ફ્રેન્ડ્સ સાથે વર્ષે બે વખત ટ્રીપ કરે



બોલી કે સાંભળી નહીં શકતા તુષાર ચૌહાણ લોન્ડ્રિ ચલાવે છે. તેમની વાઈફ નિરાલી કાનમાં મશીન નાખે તો જ સાંભળી શકે છે અને થોડું ઘણું બોલી શકે છે. તેમનો 11 વર્ષનો દીકરો બોલી કે સાંભળી નહીં શકતો હતો પણ તેની કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી થતા તે સાંભળી અને બોલી શકે છે. તુષારભાઈ સારા ક્રિકેટ પ્લેયર છે. હૈદરાબાદ, ગોવા, મુંબઈ, દિલ્હી ક્રિકેટ રમી આવ્યા છે અને વોલીબોલ ચેમ્પિયન પણ છે. બંને સ્પોર્ટ્સમાં તેમણે ઘણા મેડલ, એવોર્ડ્સ મેળવ્યા છે. હાલ તેઓ ફેમિલી સાથે ગોવા ફરવા ગયા છે. તેમને ત્રણેયને ફિલ્મ જોવાનો બહુ શોખ છે. જેવી ફિલ્મ રિલીઝ થાય તેઓ પહેલા શોમાં પિક્ચર જોઈ આવે. તેમનું મુંબઈ, લંડન, હોંગકોંગ વગેરે જગ્યાઓ પર રહેતા નોર્મલ અને બોલી કે સાંભળી નહીં શકતા એવા વ્યક્તિઓના બે ગ્રુપ છે. વર્ષે બે વખત તેમના 200-250 જેટલાં ફ્રેન્ડ્સ દિવાળી અને નવરાત્રી વખતે અલગ અલગ જગ્યાઓ પરની ટ્રીપ કરે. તુષારભાઈ અને તેમનો સન વિવાન બંને ક્રિકેટ સાથે રમતા હોય. વિવાનને તેના દાદી સ્કૂલે લેવા મુકવા જતા હોય.

### ગૂગલ મેપના સહારે ફરવા પણ જાય અને મુવી ફ્રેન્ડ્સ ગ્રુપ સાથે જુવે



રત્ન કલાકાર એવા હસમુખભાઈ ધાસકટા અને તેમની પત્ની કોમલબેન મુકબધીર છે. તેમનો દીકરો મનન અને દીકરી ધાર્મી પણ મુકબધીર છે. છતાં તેઓ નોર્મલ લોકોને પણ ઈર્ષા થાય તેવી મસ્ત મજાની લાઇફ જીવે છે. કોમલબેને જ્યારે બાળકોને જન્મ આપ્યો ત્યારે તેમના સાસુએ હોસ્પિટલમાં જ કોઈ સાધન વગાડી બાળકો સાંભળી શકે છે કે નહીં તેની તપાસ કરી હતી ત્યારે બાળકો પણ સાંભળી નથી શકતા તેનો ખ્યાલ આવ્યો હતો. દીકરા મનનને 11માં ધોરણમાં 62 ટકા માર્ક્સ અને દીકરી ધાર્મીએ 5માં ધોરણમાં 72 ટકા માર્ક્સ મેળવ્યા છે. મનન સારો ચેસ પ્લેયર છે અને તે રાજ્ય કક્ષાની ચેસની કોમ્પિટિશનમાં ભાગ પણ લે છે. માતા-પિતા, અને દીકરા-દીકરી મુવી જોવાનો શોખ છે.

### હાલમાં 12માં ધોરણની બોર્ડ પરીક્ષા પાસ કરી, સ્કૂલમાં કુકિંગ ટીચર છે





35 વર્ષના મિત્તલબેન મકવાણાએ 10માં ધોરણ પછી ભણવાનું છોડ્યું હતું. પરિવાર મોટો થતા હસબન્ડને આર્થિક રીતે મદદ કરવા અને દીકરીને સારું એજ્યુકેશન આપવા માટે મિત્તલબેને ફરી ભણવાનું સ્ટાર્ટ કર્યું અને હાલમાં જ 12માં ધોરણની બોર્ડ પરીક્ષામાં સારા માર્ક્સ મેળવી પાસ થયા છે. મિત્તલબેન તેમના હસબન્ડ પ્રણવભાઈ અને 11 વર્ષની દીકરી વિશ્વા ત્રણેય નથી બોલી શકતા કે નથી સાંભળી શકતા. મિત્તલબેન મુક બધીર સ્કૂલમાં કુકિંગ ટીચર છે એ રીતે તેઓ ઘરને આર્થિક ટેકો આપી રહ્યાં છે. તેમની દીકરી વિશ્વા 5માં ધોરણમાં ભણે છે. તેઓ મુવી જોવાના, ફરવા જવાના શોખીન છે.

### વાઈફ માતાજીની ચૂંદડી તૈયાર કરે અને હસબન્ડ ધાર્મિક સ્થળો પર સપ્લાય કરે



ગોવિંદભાઈ દેવાણી અને તેમના પત્ની મિત્તલ તથા 8 વર્ષની દીકરી મુક બધીર છે પણ ગોવિંદભાઇ માતાજીની ચૂંદડી સપ્લાય કરવાનો બિઝનેસ કરે છે. તેઓ પાવાગઢ અને રાજસ્થાનમાં જાતે આ ચૂંદડી સપ્લાય કરવા જાય. તેમના વાઈફ આર્ટિસ્ટ છે તેઓ માતાજીની ચૂંદડી જાતે તૈયાર કરે. તેમની દીકરી મોસમ હાલ બીજા ધોરણમાં ભણે છે. આ પરિવાર એકબીજા સાથે સાઈન લેંગ્વેજમાં જ વાતો કરે. બીજા માતા-પિતા પોતાના બાળકોને જેટલું ફરવા નહીં લઈ જતા હોય એટલું ગોવિંદભાઇ અને તેમના વાઈફ તેમની દીકરીને ગુજરાત, મહારાષ્ટ્રમાં અને અન્ય જગ્યાઓ પર ફરવા લઈ જાય. તેમને લોકો સાથે વ્યવહારમાં આમ તો કોઈ તકલીફ નથી પડતી પણ જો કોઈને તેમની ઇશારાની ભાષા નહીં સમજે તો તેઓ લખીને તેઓ જે કહેવા માંગતા હોય તે સમજાવે.

---

**સુરતની ઐતિહાસિક સફર જોઈ ચૂકેલા અને એ વાતની શાંત સાક્ષી બનીને ઊભેલા મંદિરો ભવાનીવડ, મુંબઈવડ, ક્ષેત્રપાલદાદાનું મંદિર અને રાવણતાડ દાદાનાં મંદિરની સ્થાપના એક જ વ્યક્તિ દ્વારા સૂરતની સુરક્ષા અને શાંતિ માટે થઈ હતી. એક જમાનામાં સૂરતના ગૌરવ કહેવાતા વેદભાઈ શુક્લને આજે સૂરતમાં કોઈ નથી જાણતું. તો ચાલો સૂરતના મહાન રત્નને આજે યાદ કરીએ અને તેમણે સ્થાપેલા મંદિરોની કથાને જાણીએ.**

# વેદભાઈ શુક્લ: સૂરતનું ભૂલાયેલું અણમોલ રત્ન




ભવાની વડ



મુંબઈ વડ



ક્ષેત્રપાલ દાદા મંદિર



રાવણતાડ




સત્તરમી સદીને ઈતિહાસકારોએ સંતયુગ કહ્યો છે. સૂરતની ધરતીએ એ ગાળામાં ઘણાં સંતો અને મહાત્માઓને નવાજ્યા; સંત માધવદાસજી, બેગમપુરામાં સંત નિર્વાણ સાહેબ, સંત રામનાથ, કબીર મંદિર બંધાવનાર સંત શોભાદાસજી મહારાજ વગેરે. પણ આ બધા નામમાં એક એવું નામ હતું જેમણે પોતાની વિદ્વત્તા દ્વારા પોતાનો ડંકો આખા ભારતવર્ષમાં વગાડ્યો અને એ હતા, વેદભાઈ શુક્લ... કમનસીબે આજે સૂરતમાં તેમના નામ અને કામ વિષે જાણનાર બહુ ઓછા લોકો છે.

વેદભાઈ શુક્લનો જન્મ હરિપુરા, ઘીકાંટા રોડ પર ગુર્જર ફળિયામાં મહાદેવજીના મંદિરની બાજુના મકાનમાં એક ઔદિચ્ય બ્રાહ્મણ ગંગાબેન અને મહાદેવભાઈને ત્યાં થયો હતો. શિવની કૃપાથી થયેલ સંતાનનું નામ શિવનારાયણ રાખવામાં આવ્યું હતું. પણ ઘણાં તેમને શિવદત્તના નામે પણ ઓળખતા હતા. શિવદત્ત પાંચ વર્ષના થયા ત્યારે દ્વારિકાથી આંનદનાથ નામના ભૈરવ સ્વરૂપધારી નાથ સંપ્રદાયના મહાત્મા તેમને વિદ્યા ભણાવવા જાતે જ શોધતા આવ્યા. પરિણામે સોળ વર્ષની ઉંમરે જ્યારે શિવદત્તે અન્ય વિદ્યાર્થીઓને વેદ ભણાવવા માંડ્યું ત્યારથી તેમનું નામ “વેદભાઈ” પડી ગયું.

એકવાર આ વેદભાઈને આંગણે સર્વે મહાવિદ્યાઓ, ચારે વેદો અને અઢારશાસ્ત્રોના જ્ઞાતા ભાસ્કરાચાર્ય આવ્યા. તેમણે “મહાષોઢા ન્યાસ” પદવી હાંસલ હતી. પણ તેમને તેમનાં જ્ઞાન, પદવી, સિદ્ધિઓને કારણે જાત પર અહંકાર આવ્યો હતો.

તેઓ દરેક ગામ કે શહેર જઈને ત્યાંના વિદ્વાન પંડિતોને પડકાર આપતા, “મારી સાથે શાસ્ત્રાર્થ કરી વિજય મેળવો અથવા મને વિજયપત્ર લખી આપો.” વેદભાઈની ખ્યાતિ વિશે સાંભળી તેઓ અહીં સૂરત તેમના આંગણે આવી પહોંચ્યા. ત્યાં એક રૂપાળી બાલિકા રમતી હતી. એ જ બાળા ત્રિપુરા સુંદરી પરામ્બિકા હતા, જે વેદભાઈના આંગણે રમતાં એવું લોકો માને છે. પરામ્બિકાએ ભાસ્કરાચાર્યજી તેમના આવવાનું પ્રયોજન પૂછ્યું. ત્યારે તેમણે બાલિકાને પોતાની શાસ્ત્રાર્થની ઈચ્છા દર્શાવી. ત્યાં ગૌરી ગાય હતી, તેના માથે હાથ ફેરવતાં બાલિકાએ કહ્યું, “વેદભાઈ તો હાલ પૂજામાં બેઠા છે, તમને




**વેદભાઈએ પોતાની મંત્રશક્તિથી એ ઊડતાં ઝાડોને જમીન પર ઉતારી સૂરત શહેરમાં પ્રસ્થાપિત કરી ત્યાં મંદિરો બનાવ્યા**

ઉતાવળ હોય તો આ ગાય સાથે શાસ્ત્રાર્થ કરો. વેદભાઈનાં ઘરના પશુઓ પણ તમારી સાથે શાસ્ત્રાર્થ કરવા સમર્થ છે.” આ જાણી ભાસ્કારાચાર્યજી સમજી ગયા કે અહી શાસ્ત્રાર્થ કરવો નિરર્થક છે. આ વેદભાઈ પાસે તો નમવામાં જ મજા છે. તેઓએ વેદભાઈ પાસે જ રોકાઈને શ્રી વિદ્યાની દીક્ષા પ્રાપ્ત કરી. ભાસ્કરાચાર્યજીએ ‘સૌભાગ્ય ભાસ્કર’ લખેલો ગ્રંથ પોતાના ગુરુ વેદભાઈને સમર્પિત કર્યો હતો.

બીજી એક દંતકથા કે લોકવાયકા વેદભાઈ સાથે જોડાયેલી છે. એક જમાનામાં તંત્રવિદ્યા ખૂબ પ્રચલિત હતી. તંત્રશાસ્ત્રીઓ કોઈ પણ ઝાડના મૂળિયાં માટી સહિત ઉખાડી આકાશમાર્ગે ઉડાડી અન્ય કોઈ સ્થળે મૂળિયાં સહિત પ્રસ્થાપિત કરી શકતા. તે વેળા કોઈ શીખાઉ તાંત્રિકે પોતાની વિદ્યાથી આવા ચારેક ઝાડ હવામાં ઊડતાં કર્યા. વેદભાઈએ પોતાની મંત્રશક્તિથી એ ઊડતાં ઝાડોને જમીન પર ઉતારી સૂરત શહેરમાં પ્રસ્થાપિત કરી ત્યાં મંદિરો બનાવ્યા. તે પૈકી એક વડનું ઝાડ હરિપુરામાં તેમના ઘર નજીક ઉતાર્યું અને ત્યાં બહુચરભવાનીનું મંદિર બનાવ્યું. તે આજે પણ “ભવાનીવડ તરીકે જાણીતું છે. એ વડ ૧૯૭૦માં ૩૪૪ વર્ષનું આયુષ્ય ભોગવી ઢળી પડ્યું.

બીજું વડનું ઝાડ બેગમપુરામાં, જ્યાં હાલ બેગમપુરા પોલીસ ચોકી છે ત્યાં નજીકમાં ઉતાર્યું અને ત્યાં મહાદેવની દેરી સ્થાપી. આ તરફ મુંબઈ જવાનો રસ્તો પડતો હોવાથી તે મુંબઈ વડ તરીકે પ્રસિદ્ધ થયું. તે પણ ૧૯૬૮ની મોટી રેલ વખતે ૩૪૨ વર્ષનું આયુષ્ય ભોગવી ઢળી પડ્યું.

ત્રીજું વૃક્ષ તે તાડનું ઝાડ. તે રુસ્તમપરામાં ઉતાર્યું અને તે રાવણતાડના નામે ઓળખાયું. આ તાડનાં વૃક્ષ સાથે જ એક નાની પૌરાણિક દેરી હતી. આ રાવણતાડના વૃક્ષમાં શ્રી ભેસાસુરી માતાનો ગોખ છે અને હનુમાનદાદાની પૌરાણિક પ્રતિમા પણ દ્રશ્યમાન છે. આ મંદિર આજે પણ રાવણતાડ દાદાના મંદિર તરીકે સૂરતમાં પ્રખ્યાત છે.

ચોથું તાડનું વૃક્ષ જે બાકી હતું તે નવસારી બજારના એક તળાવની પાળે ઉતાર્યું. તેના પર ફરી કોઈ બીજો મનુષ્ય તાંત્રિક પ્રયોગ ન કરે તે માટે ત્યાં ક્ષેત્રપાલ ભૈરવની સ્થાપના કરવામાં આવી. આમ, આ ચારેય વૃક્ષોને અધોગતિએ જતા ઉગારી વેદભાઈ શુક્લના પ્રયાસોથી સદગતિ પ્રાપ્ત કરી.

વારસાની વરિયાળી

**વારસાની વરિયાળી: એક વાર આ વેદભાઈએ મસ્જિદમાંથી અઝાન (સવારની બાંગ) સાંભળી. તેમને તેમાં દોષ જણાયો અને મોઢે કચવાટ છવાઈ ગયો. ત્યાં ઊભેલા મુસ્લિમભાઈઓએ સમજ્યા વિના એ વાતની ફરિયાદ નવાબને કરી. જ્યારે નવાબે આ માટે વેદભાઈને પૂછ્યું ત્યારે વેદભાઈએ કહ્યું, “આ જે બાંગ સંભળાય છે તેનો પોકાર બરાબર નથી. સાચી બાંગ પોકારાય તેની મધુરતા તો એટલી અલૌકિક હોય કે એ નાદબ્રહ્મ સાંભળવામાં દરેક વ્યક્તિ મગ્ન થઈ જાય. વેદભાઈએ નવાબને એ સાંજે મગરીબની (સૂર્યાસ્ત પછીની) બાંગ પોકારી સંભળાવી અને એ સાંભળી સૌ સૂરતવાસીઓ સહિત નવાબ પણ આશ્ચર્યચકિત થઈગયા.**